Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

પહેલી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

66 ગ
૪૩ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या .....
पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૧૮

વિદ્યાપીઠ વાચનમાળા

પહેલી ચોપડી

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી સેટ

નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, સન ૧૯૨૩
સુધારેલી બીજી આવૃત્તિ, સન ૧૯૪૧
સુધારેલી ત્રીજી આવૃત્તિ, સન ૧૯૫૦
નવી આવૃત્તિ, સન ૧૯૫૪

ડેમી ઑક્ટેવો — ૩૬ રતલી કાગળમાં

આ પુસ્તક ગૂજરાત વિદ્યાપીઠે પોતે તૈયાર કરાવ્યું છે
અને તેના સર્વ હક એને સ્વાધીન છે.

પાંચ આના

ઑક્ટોબર, ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ વાચનમાળાનું આ નવું સંસ્કરણ બહાર પાડતાં આનંદ થાય છે. ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ કરેલી માળાની આવૃત્તિ ગુજરાતની અનેક પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં દાખલ થઈ હતી. એથી મળેલા અનુભવ ઉપરથી તથા ૧૯૪૭માં સ્વરાજ આવ્યું તે એક મોટા કારણને લઈને એ માળા સુધારવી વધારવી ઘટે, એમ વિદ્યાપીઠ મંડળે વિચાર્યું; અને એ કામ પૂરું કરવામાં શ્રી. ગોપાળદાસ પટેલે મુખ્ય ધ્યાન આપવું એમ ઠરાવ્યું. શ્રી. મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના ગુજરાતીના અધ્યાપક શ્રી. મુકુલભાઈ કલાર્થી એમની મદદમાં સાથે થયા. એમણે વિદ્યાપીઠના બીજા સેવકો પાસેથી જોઈતી મદદ મેળવી; ગુજરાતના અનેક અનુભવી શિક્ષકો પાસેથી સલાહસૂચનાઓ તથા પાઠો વિષે વિગતવાર અભિપ્રાયો મેળવ્યા. એ બધાનાં નામો અહીં આપવાની જરૂર નથી. એ સૌ સાથીઓ તથા શિક્ષણપ્રેમી ભાઈબહેનોનો વિદ્યાપીઠ તરફથી આભાર માનું છું.

૧૯૪૭માં એમ વિચારેલું, તે પ્રમાણે નવી આવૃત્તિ ૧૯૫૦માં બહાર પાડી હતી, અને તે આજ સુધી ગુજરાતની શાળાઓમાં ચાલતી હતી.

બાદ હમણાં સરકારે ઠરાવ્યું કે, ચોપડીઓનું કદ ક્રાઉનને બદલે ડેમી કરવું જોઈએ. આનો લાભ લઈ તે ચોપડી ફરીથી જોઈ કાઢવામાં આવી અને નવા કદને ઉચિત હબે તેને ફરી ગોઠવવામાં આવી છે. આમાં ખાસ બીજો મોટો ફેરફાર થયો નથી; પાઠો લગભગ એ જ રહ્યા છે. તેમની ગોઠવણી તથા ક્રમમાં ફેર થયો છે. કોઈક જગ્યાએ ચિત્રો ઉમેરાયાં છે. આ ફેરફારથી ચોપડીનું વસ્તુ વધુ પસંદ આવશે, એમ માનું છું.

વર્ધા-પદ્ધતિ હવે સરકારે આખા દેશના શિક્ષણની નીતિ તરીકે સ્વીકારી છે. વિદ્યાપીઠ વાચનમાળાનું આ સંસ્કરણ એ નીતિને નજર સામે રાખીને કરવામાં આવ્યું છે. એના પાઠો શબ્દે શબ્દે તપાસવા તથા પ્રત્યક્ષ વર્ગોમાં ચલાવી જોવા માટે અનુભવી શિક્ષકોને આપવામાં આવ્યા હતા. શ્રી જુગતરામ-ભાઈ દવેએ તથા શ્રી બબલભાઈ મહેતાએ આ પાઠો સળંગ જોઈ સલાહ-સૂચના આપી છે. બીજા પણ અનેક જાણીતા કેળવણીકારોની આવી મદદ મળી છે. તે સૌનાં નામ અહીં ન નોંધું. કહેવાની મતલબ કે, આ રીતે અનેક લોકના પ્રયત્નનું ફળ આ ચોપડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાદિતા સાચવવાની હોય છે. એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અન્તે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

મગનભાઈ પ્ર૦ દેસાઈ
મહામાત્ર

ગૂ૦ વિ૦ કાર્યાલય
તા. ૭-૯-'૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	બા (ગીત)	૧
૨.	વખત થયો	૨
૩.	શાળા શરૂ થઇ	૪
૪.	કીડી અને કબૂતર	૬
૫.	ચબૂતરો	૮
૬.	વડદાદા	૧૦
૭.	પરમેશ્વર (ગીત)	૧૨
૮.	નાની ઉષા	૧૩
૯.	કેવી અજબ જેવી વાત છે! (ગીત)	૧૫
૧૦.	રાજા રામ	૧૬
૧૧.	દયાળુ ડોશીમા	૧૮
૧૨.	ઘરડાં મા (ગીત)	૨૦
૧૩.	નબાપાના બાપ	૨૨
૧૪.	ઝાડ	૨૩
૧૫.	કેવી મજા! (ગીત)	૨૬
૧૬.	વાડીમાં	૨૭
૧૭.	સફાઈગીત (ગીત)	૩૦
૧૮.	આપણા દેશમાં આપણું રાજ!	૩૨
૧૯.	વહાલું વતન (ગીત)	૩૫
૨૦.	ગાંધી બાપુ (ગીત સાથે)	૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા

બોલું હું તો અક્ષર પહેલો :
બા બા બા.
એ જ બોલ સહેલામાં સહેલો :
બા બા બા. ૧

ખાતાં બોલું, પીતાં બોલું :
બા બા બા.
હસતાં બોલું, રડતાં બોલું :
બા બા બા. ૨

વહાલામાં વહાલી છે મારી
બા બા બા.
મીઠામાં મીઠી છે મારી
બા બા બા. ૩

વાંક કરું તોયે ના મારે બા બા બા.
હેત કરીને ભૂલ સુધારે બા બા બા. ૪
બોલવામાં બોલ પહેલો હો . . . જો બા.
પહેલીમાંનો પાઠ પહેલો હો . . . જો બા. ૫

—પ્ર૦

સૂચનાઓ

૧ બાના હેતની વાતો કહો. દા૦ ત૦, કૃષ્ણ જશોદા.

૧ "માને દેખી બહુ હરખાઉં, દોડી દોડી સામે જાઉં" — આ અને એવાં સરળ કાવ્ય સંભળાવી ને ગવડાવી શકાય.

૧ પશુપક્ષીમાં માદાનો બચ્ચા પર કેવો પ્રેમ હોય છે તે દેખાડો. તેની વાતચીત કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨ જો

વખત થયો



૧

નિશાળે જવાનો વખત થયો.
બાળકો દફતર તૈયાર કરવા મંડી ગયાં.
શાળામાં કાંતણકામ ચાલે છે.
શાળામાં ખેતીકામ ચાલે છે.
શાળામાં સીવણકામ ચાલે છે.
શાળામાં ચિત્રકામ ચાલે છે.
શાળામાં લેખનકામ ચાલે છે.
શાળામાં વાચનકામ ચાલે છે.

દફતરમાં પાટી-પેન અને પટી લીધાં. મજાની 'ચાલણગાડી' અને 'પહેલી ચોપડી' લીધી. તકલીપેટી લીધી. સોય ને દોરો લીધાં. કોઈએ પેટી-રેંટિયો લીધો. યાદ કરી કરીને બધું લીધું.

૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેન શાળામાં સૌથી પહેલાં આવ્યાં.

બાળકો ધીમે ધીમે આવતાં હતાં. કોઈ જમણી બાજુથી આવે છે. કોઈ ડાબી બાજુથી આવે છે. કોઈ સામેથી આવે છે. કોઈ પછવાડેથી આવે છે.

કોઈ એકલું આવે છે. કોઈ બે-બેની જોડીમાં આવે છે. કોઈ તો પાંચ-સાતની ટોળીમાં આવે છે.

કોઈ વાતો કરતાં આવે છે. કોઈ ગાતાં ગાતાં આવે છે. કોઈ રમતાં રમતાં આવે છે.

બાળકો બહેનને હાથ જોડી "જય જય" કરે છે. બહેન હસીને સૌને સામા "જય જય" કરે છે.

બધાં વખતસર આવી ગયાં. કોઈને મોડું આવવાનું ગમતું નથી.

સૂચનાઓ

¶ નિશાળે આવવા માટે તૈયારી કરવાની વ્યવસ્થિત ટેવ પડે એ જોવું જોઈએ. પોતાની ચીજો બરાબર રાખતાં, લાવતાં, લઈ જતાં આવડે; તેમાં સુઘડતા વગેરે કેળવાય તે તરફ ધ્યાન આપવું.

¶ 'જય જય' કરવાનો વિવેક શીખવવો.

¶ વખતસર હોવું એ મોટો ગુણ છે. તેને વિષે વાતો કહી શકાય.

¶ જમણું, ડાબું, સામે, પછવાડે — એ દિશાજ્ઞાન સવાલો પૂછીને ધ્યાન પર લાવો.

¶ જુદાં જુદાં કામો ક્યારે થાય છે — એ પૂછીને વખતનો ખ્યાલ આપી શકાય.

¶ જોડાક્ષર ત્ર બાળકોના ધ્યાન ઉપર લાવો. ત્રવાળા બીજા શબ્દો વંચાવો. નેત્ર, પત્ર, છત્રી વગેરે.

¶ જોડાક્ષરમાં **ર**ની રેફનો પરિચય પણ આપો. રેફવાળા શબ્દો વંચાવો. ધર્મ, કર્મ વગેરેમાં.

¶ બાળકોને **શ** સાથેના **ર**નો જોડાક્ષર **શ્ર** પણ બતાવો. શ્રવાળા શબ્દો વંચાવો. શ્રી, શ્રમ, શ્રાવક, શ્રવણ વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩ જો

શાળા શરૂ થઈ



રોજ શાળામા પહેલું સફાઈકામ થાય છે. સફાઈકામ માટે ટુકડીઓ પાડવામાં આવે છે.

એક ટુકડી શાળા વાળશે.

બીજી ટુકડી પાણી ભરશે.

ત્રીજી ટુકડી પેશાબખાનાં ધોશે.

ચોથી ટુકડી છબીઓ વગેરે લૂછશે.

પાંચમી ટુકડી નાનાં બાળકોનાં હાથ-મોં ધોશે.

બધી ટુકડીઓ એક સાથે કામે લાગે છે. શિક્ષકો તેમની સાથે હોય છે. સફાઈકામ અડધો કલાક ચાલે છે.

એક પણ બાળક નવરું નથી રહેતું. મોટાં બાળક ભારે કામ કરે છે. નાનાં બાળક હળવાં કામ કરે છે. સૌ સફાઈગીત ગાય છે ને કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરધા કલાકમાં આખી શાળા નવી નવી થઈ ગઈ! એકેએક જણ કામ કરે, પછી શી વાર લાગે? ઝાઝા હાથ રળિયામણા!

સફાઈ પછી રોજ ઉપાસના થાય છે.

હાથ-પગ-મોં ધોઈ બાળકો આવી પહોંચ્યાં. ઉપાસનાની જગાએ બધાં હારબંધ ટટાર બેસી ગયાં. સામે શિક્ષકો બેઠા.

ઉપાસના શરૂ કરવાનો ટકોરો પડ્યો. નાનાં મોટાં બધાં બાળકોએ સાથે ઉપાસના શરૂ કરી.

સૂચનાઓ

¶ શાળાના સફાઈકામને માટે ટુકડીઓ પાડી કામ ગોઠવવું. વિદ્યાર્થીઓની પંચાયત-પ્રવૃત્તિ ખીલવવામાં આથી મદદ થશે. સહકારથી સાથે મળીને કામ કરી લેવાની ટેવ પડે, એ આ પ્રવૃત્તિનું મોટું ફળ છે.

¶ સફાઈગીતનો એક નમૂનો પાઠ ૧૮માં આગળ આવે છે. તે તેમ જ બીજાં ગીતો ગવરાવવાં. 'ઝાઝા હાથ રળિયામણા'ની બીજી વાતો પણ કહી તેનો મર્મ ઠસાવી શકાય.

¶ ઉપાસના = શાંતિથી સૌએ ભગવાનને યાદ કરવા તે.

¶ શાળામાં આને માટે સમય રાખવો જોઈએ. તે વખતે આંખ મીંચી શાંત ને ટટાર બેસવાની ટેવ રખાવવી.

¶ ઉપાસનામાં ગાવાનું ગીત કે શ્લોક નક્કી કરવા સારા.

¶ આ ચોપડીના પાછળના પૂઠા પર વિદ્યાર્થીની પ્રાર્થના આપી છે તે જુઓ. નાનાં છોકરાં એ ન બોલી શકે, તો ઝીલે; ન ઝીલી શકે તો શાંતિથી સાંભળે. આ શ્લોકો મૂળ સંસ્કૃતના અનુવાદ છે. રામ અને કૃષ્ણ પૂર્વેના જમાનાથી, ભારતમાં વિદ્યાર્થીઓ આ જ શ્લોકો બોલી ઉપાસના કરતા હતા.

¶ **ય**ના જોડાક્ષર તરફ ધ્યાન ખેંચો. જેમ કે પહોંચ્યો, પડ્યો, આવ્યો, કહ્યું વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો

કીડી અને કબૂતર

એક નદીને કાંઠે પીપળો હતો.

તેના થડમાં કીડીનું દર હતું. તેની ડાળ ઉપર કબૂતરનો માળો હતો. કીડી અને કબૂતર પડોશી હતાં.

ચોમાસું આવ્યું. એક દહાડો બહુ વરસાદ થયો. કીડીના દરમાં પાણી પેસી ગયું. કીડીબાઈ નદીમાં તણાવા લાગ્યાં.

કબૂતરે ઉપરથી આ જોયું. ચાંચથી પાંદડું તોડી ઝટ તેણે નદીમાં નાખ્યું.

કીડી પાંદડા ઉપર ચડી ગઈ. પછી કબૂતરે ઊડીને પાંદડું ચાંચમાં લઈ બહાર કાઢયું. કીડી બચી ગઈ.

કીડી બોલી, "ભગવાન કબૂતરનું ભલું કરો."

કીડી ને કબૂતર પાછાં સુખે રહેવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એક શિકારી પીપળા પાસે આવી ચડયો. તેણે ડાળ ઉપર કબૂતર જોયું. તેને મારવા પોતાનું બાણ તાકયું.

ભોળું કબૂતર ઘૂ ઘૂ ઘૂ કરતું બેઠું હતું. બાપડાને ખબર નહોતી. પણ ચાલાક કીડીએ શિકારીને જોયો. તેણે તરત પગ ઉપાડયા.

કીડી સરસર કરતી ઝાડ ઉપર ચડી ગઈ. કબૂતર પાસે જઈ તેને પગે ચટ દઈને ચટકો ભર્યો.

કબૂતર ફરરર કરતું ઊડી ગયું.

કબૂતર બચી ગયું.

સૂચનાઓ

¶ કીડી, મંકોડા ઇ૦ જંતુઓ ઘરમાં હોય છે તેમનો પરિચય આપો.

¶ કીડીની ટેવોની વાતો કહો. બીજી ચોપડીમાં તેનો પાઠ છે તે જુઓ.

¶ કબૂતરની ટેવો નિહાળવા સૂચવો. તે વિષે વાતચીત કરો.

¶ પીપળાનું ઝાડ ઓળખાવો. તેનું પાન બતાવો, ચિતરાવો.

¶ અરસપરસ મદદ કરવાની આવી બીજી વાતો, જેવી કે, જાળમાં સપડાયેલો સિંહ અને ઉંદર, કહો.

¶ બીજી ચોપડીમાં 'સાચો રાજા' એ પાઠ છે. તેમાં પણ અરસપરસ મદદ કરવાની ઉંદર અને કબૂતરની વાત છે. તે પણ અહીં કહી શકાય.

¶ કીડી અને કબૂતરની વાત બાળકો પાસે પોતાના શબ્દોમાં કહેવરાવો. વાતના પ્રસંગો તેઓએ બરાબર પકડયા છે કે નહિ તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫ મો

ચબૂતરો



ગામ વચ્ચે ચબૂતરો છે. લોકો તેમાં રોજ દાણા નાખે છે. સવારે દાણા નાખે ને સાંજે જોઈએ તો સાફ! તે કોણ ખાઈ જાય છે?

ચબૂતરામાં જાત જાતનાં પક્ષીઓ ચણવા આવે છે. પણ તેમાં કબૂતરો ખરા છે. તેઓ તો રોજ ટોળાબંધ હાજર હોય જ.

ગરીબ બિચારી ચકલી! તેને ચબૂતરામાં કોણ પેસવા દે? તે બીતી બીતી કઠેડા ઉપર બેસે છે. ત્યાંથી ચાંચમાં એક-બે દાણા લઈ ઊડી જાય છે.

કાગડાભાઈ મરજી થાય તો ફરવા આવે. એમને દાણા ક્યાં ભાવે છે? એમનું ખાવાનું તો જુદી જાતનું.

મોર આવે ત્યારે જોવાની ખરી મજા આવે છે. મોટો સાવરણા જેવો પીંછાનો પૂળો! સૂપડા જેવી પાંખો! ફરડ ફરડ કરતો તે આંબા ઉપરથી ઊતરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચબૂતરાનાં પક્ષીઓ મોરના ફડફડાટથી જ ડરી જાય છે. તે આવે ત્યારે બધાં ફરરર કરતાં ઊડી જાય છે.

પછી તો મોર ચબૂતરાનો રાજા અને ઢેલ ચબૂતરાની રાણી. મોર દાણા ચણે, થન થન નાચે, ટીહુ ટીહુ બોલે; અને મોજ આવે તો કળા પણ કરે.

ચબૂતરામાં ઘણી વાર પોપટનાં ટોળાં પણ આવે છે. લીલા લીલા પોપટ અને લાલ લાલ એમની ચાંચો! કેવો સુંદર દેખાવ લાગે છે! જાણે આ ચબૂતરો નથી, પણ રાતાં ફળવાળું લીલું લીલું ઝાડ છે.

લોકો પોપટને પકડીને પાંજરામાં શા માટે પૂરતા હશે? તે કરતાં આવો ચબૂતરો બહુ સારો. મરજી પડે ત્યારે પોપટ આવે, અને મરજી પડે ત્યારે ઊડી જાય.

ચબૂતરો બધાં પક્ષીઓનો વિસામો છે.

સૂચનાઓ

¶ શહેરી છોકરાંને ચબૂતરો બતાવવા લઈ જવાં.

¶ કોઈ કોઈ ઘેર છાપરાને છેડે પંખીઓ માટે દાણા-પાણીનાં કૂંડાં ટાંગે છે, તે તરફ ધ્યાન ખેંચો.

¶ કાગડો શું ખાય? નિરીક્ષણ કરવા પ્રેરો.

¶ મોર, કાબર, કબૂતર, કોયલ, ચકલી ઇત્યાદિ પક્ષીઓ ઓળખાવો ને દેખાડો. બીજાં પક્ષીઓ વિષે પણ પૂછો. પક્ષીઓના ધ્વનિ કાઢી બતાવવા કહો.

¶ પશુ ને પક્ષી વચ્ચે ભેદ કહો. અડૂકદડૂકિયા ચામાચીડિયાની ગમતની વાતો કહો. તે પશુ જેવું પણ છે અને પક્ષી જેવું પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬ ઠો

વડદાદા



ગામના પાદરમાં વડ ઊભો છે. કોણ જાણે કેટલાંય વરસથી તે ઊભો છે.

ગામનાં છોકરાં તેના ઉપર ચડીને રમે છે. તેમના બાપાઓ પણ આ જ વડ ઉપર રમતા. તેમના દાદાઓ પણ આ જ વડ ઉપર રમતા.

ગામનો ગોવાળ વડ નીચે ઢોર બેસાડે છે. તેનો બાપ પણ આ જ વડ નીચે ઢોર બેસાડતો. તેના દાદાઓ પણ આ જ વડ નીચે ઢોર બેસાડતા.

ડોશીમા વડ નીચે પરબ માંડે છે. ડોશીનાં ડોશી પણ આ જ વડ નીચે પરબ માંડતાં. ડોશીનાં ડોશીનાં ડોશી પણ આ જ વડ નીચે પરબ માંડતાં.

આ વડ તો વડ નથી; એ વડદાદા છે. એ તો આખા ગામની શોભા છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડદાદાને લાંબી લાંબી જટા છે. વડદાદાની ડાળીઓ ઠેઠ ભોંયે અડે છે. નાનાં છોકરાંને વડદાદા તેડવા જતા હશે ?

વડદાદાની ઘટા કેવી પથરાઈ છે ! જાણે માથા ઉપર મોટો લીલો માંડવો.

તેમાં રાતા ટેટા કેવા શોભે છે ! જાણે લીલી ચાદરમાં રાતાં ફૂલ.

પરમેશ્વરે વડદાદા કેવા મજાના બનાવ્યા છે !

સૂચનાઓ

¶ વડનું ઝાડ બતાવો. તે આપણા દેશનું ખાસ પ્રિય ઝાડ છે. ભારતના મોટા ત્રણ જાણીતા વડ કયા છે તે યાદ કરો — કબીરવડ, કલકત્તાનો વડ, મદ્રાસનો વડ.

¶ વડની વડવાઈની સમજ પાડો. તેમ જ જ્ઞાનમાંથી જ્ઞાન ફૂટે; ચોપડીના પૂઠા પર વિદ્યાપીઠની મુદ્રામાં વડનું ઝાડ છે તે બતાવો.

¶ ગુજરાતમાં ગામેગામ ભાગોળમાં સામાન્ય રીતે વડ હોય છે. પાસેના એકાદ ગામે શહેરી બાળકોને ઉજાણીએ લઈ જવાં. વડ ઉપર આમલી-પીપળી રમવાની મજા પડે.

¶ લાલ, પીળો, વાદળી, લીલો, કાળો, ધોળો વગેરે રંગ કુદરત-માંથી અને આસપાસની વસ્તુઓમાંથી બાળકોને ઓળખાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૭ મો

પરમેશ્વર

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
કેવા હશે ? ક્યાં રહેતા હશે ? મને૦ ૧

ગગનની ઓઢણીમાં ચાંદા, સૂરજ ને
તારાને ગૂંથનાર કેવા હશે ? મને૦ ૨

આંબાની ઊંચી ડાળે ચડીને
કેરીના મૂકનાર કેવા હશે ? મને૦ ૩

ઊંડા સાગરનાં મોજાં ઉછાળી
ધૂ ધૂ ગાજવનાર કેવા હશે ? મને૦ ૪

મનેયે મારી માડીને ખોળે
હેતે હુલાવનાર કેવા હશે ? મને૦ ૫

પ્રીતમલાલ મજમુદાર

સૂચનાઓ

¶ આમ જ બાળકને સમજાય એવી બીજી વિશ્વની અદ્ભુતતાઓ સૂચવો. જેમ કે, થંભ વગર આકાશ ટેકવ્યું છે, સાગર કદી માઝા ન મૂકે. એવી જ બીજી અદ્ભુતતાઓ પાઠ ૯ના કાવ્યમાં છે, તે પણ સાથે લઈ શકાય.

¶ સાગર વિષે વાતો દ્વારા તેની કલ્પના આપો. ૨૧મા પાઠના ચિત્રમાં દરિયો છે, તે બતાવો.

¶ આંબા પેઠે બીજાં ક્યાં ઝાડો ઉપર સારાં સારાં ખાવાનાં ફળ મૂકયાં છે ? એ વિષે વાતચીત કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૮ મો

નાની ઉષા

નાની ઉષાને કામ કરવું બહુ ગમે છે. બા સાથે પાણી જવું તો તેને બહુ જ ગમે. તે ચાર વર્ષની હતી ત્યારથી તેને પાણી જવાનો શોખ છે.

એવડી છોકરીથી કાંઈ ઘડો ઊપડે? એટલે તે તો લોટો લઈ જતી. લોટો પણ રસ્તામાં છલકાઈ જાય. કોઈ વાર તો પડી પણ જાય.

તોપણ ઉષા પાણી ગયા વિના રહે નહિ. જો બા એકલી જાય તો ઉષાને ખોટું લાગે.

હવે તો ઉષાબહેન નવ વર્ષનાં થયાં છે. હવે તે માથા ઉપર ઈંઢોણી મૂકે છે, અને તેના ઉપર ઘડો મૂકે છે. તે ઘડો ઉપાડી ઘર સુધી આવી શકે છે.

હવે તે પોતાનો ઘડો પોતાને હાથે અજવાળે છે. એવો ચળકતો કરે છે કે અંદર મોં દેખાય!

વળી તે ગરગડી ઉપર જાતે ઘડો ખેંચે છે. અને તે કેવી સફાઈથી! લૂગડાં તો જરા પણ બગડે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના હોશિયારીની શી વાત ! તે પોતાની મેળે ઘડો માથે લે છે. વળી તે ઘડાને હાથ અડકાડયા વિના માથે રાખીને ચાલી શકે છે.

ઉષાબહેનને હવે એક જ હોંશ છે : "બાની જેમ બેડું માથે ક્યારે લઉં !" તે ઘણી વાર ઘડા ઉપર લોટો મૂકી જુએ છે. હજુ તે ડગી જાય છે.

પણ થોડા દિવસમાં ઉષા શીખી જશે, જરૂર શીખી જશે.

સૂચનાઓ

¶ આમ જ અનેક બીજાં કામો વિષે વાતો કહી શકાય. છોકરા ને છોકરીનાં કામ વિષે વાત કરવી.

¶ ઘરકામમાં બાળકો નાની મોટી મદદ કરે એ કેળવવા જેવી વસ્તુ છે. છોકરો કામ ન કરે, છોકરી કરે, એ વહેમ ગણાય.

¶ બાળકો ઘડોલોટો લઈ અધ્ધર રાખવાનું રમી શકે. તે લઈને દોડવાની હરીફાઈ પણ યોજી શકાય.

¶ શહેરનાં બાળકોને પાણી જવું, કૂવો, ગરગડી, થાળું ઇ૦ બતાવો. પાણીની આ ગામઠી સવડનો અનુભવ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૯ મો

કેવી અજબ જેવી વાત છે!

ભાઈને નાની આંખ, તે જોતી કાંક કાંક.
એ તે કેવી અજબ જેવી વાત છે! ૧

ભાઈનું નાક નાનું, તે સૂંઘે ફૂલ મજાનું.
એ તે કેવી અજબ જેવી વાત છે! ૨

ભાઈનું મોઢું નાનું, તે બોલે કાલું કાલું.
એ તે કેવી અજબ જેવી વાત છે! ૩

ભાઈના હાથ નાના, તે કામ કરે મજાનાં.
એ તે કેવી અજબ જેવી વાત છે! ૪

ભાઈનો દેહ છોટો, તેમાં રહેતો રામ મોટો.
એ તે કેવી અજબ જેવી વાત છે! ૫

સૂચનાઓ

૧ હાલરડા પેઠે ભાઈ, બહેન વગેરેનું નામ મૂકીને આ ગાઈ શકાય.

૧ છેલ્લી કડીનો સામાન્ય અર્થ સાવ સાદી રીતે કહેવો. રામ = પરમેશ્વર, ભગવાન.

૧ બીજી અજબ લાગતી વાતો પૂછો ને કહો. ચાંદો, સૂરજ, ઋતુ, વરસાદ, નદી વગેરેમાં રહેલી અજબતા બાળકને અવગત થાય એ ઢબે પ્રગટ કરતી વાતચીતો, નિરીક્ષણ ઇ૦ યોજી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

રાજા રામ

દશરથ રાજા વિચાર કરે છેઃ—

"હવે મારા વાળ ધોળા થયા. હવે હું વનમાં જઈ તપ કરું. રામને ગાદી આપું. તે હવે મોટા થયા છે."

રાજા બધા લોકોને ભેગા કરે છે. પોતાનો વિચાર તેમને જણાવે છે. લોકોને રાજાનો વિચાર બહુ ગમે છે.

અયોધ્યામાં આનંદ આનંદ છે; ઘેર ઘેર તોરણ બંધાયાં છે. સૌ ગાય છે — "આજની ઘડી રળિયામણી." રામ આજે રાજા થવાના છે.

કૈકેયી રાણીની દાસી મંથરા બોલી :

"રાણીબા ! જાગો છો કે ઊંઘો છો ? ખબર પડી ? રામ આજે રાજા થશે. તમારો ભરત રહી જશે."

રાણી કૈકેયી રિસાઈ ગયાં. રંગમાં ભંગ પડ્યો.

રાજા દશરથ રાણીને મનાવે છે.

રાણી કહે છેઃ "બે વરદાન પૂરાં કરો તો જ માનું. નહિ તો નહિ."

રાજા કહે છેઃ" કબૂલ, બેનાં ત્રણ માગો."

રાણી—જો જો હોં, પછી ના ન કહેતા.

રાજા—અરે, એમ તે હોય ? કહો શું જોઈએ ?

રાણી—ત્યારે સાંભળો. એક માગું છું એ કે, મારા ભરતને ગાદી આપો. બીજું માગું છું એ કે, રામને ચૌદ વરસ વનમાં મોકલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીની વાત સાંભળી રાજાને ચકરી આવી ગઈ. તે ભોંય ઉપર ઢળી પડ્યા. રામને બધી ખબર મળી. તે મોટે અવાજે બોલ્યા:—

"હે નગરીના લોકો, સાંભળો. હું આજે જ વનમાં જઈશ. મારો નાનો ભાઈ ભરત રાજા થશે. મારા પિતાનું વચન ખોટું નહિ થાય. રઘુકુળની રીત છે—પ્રાણ જાય, પણ વચન ન જાય."

નગરીના લોકો બોલ્યા: "શાબાશ! શાબાશ! રામ, તમે શૂર છો. રામ, તમે વીર છો. રામ, તમારો જય હો!"

આજે પણ લોકો રામનામની ધૂન ગાય છે—

"રઘુપતિ રાઘવ રાજા રામ,
પતિત-પાવન સીતારામ."

રાજા તો રામ જ. અને રાજ પણ રામનું જ.

સૂચનાઓ

¶ આ સાથેની રામાયણની બીજી વાતો કહી શકાય.

¶ 'આજની ઘડી રળિયામણી' એ ભાવનું નરસિંહ મહેતાનું ગીત છે; તે ગીત ગાતાં કે તેનો રાસ લેતાં શીખવી શકાય—

આજની ઘડી રળિયામણી.

હાં રે, મારો વહાલો આવ્યાની વધામણી હોજી રે,
વધામણી હોજી રે—આજની૦
હાં રે હું તો મોતીડાના ચોક પુરાવતી,
હાં રે મારા વહાલીડાની આરતી ઉતારતી
હોજી રે, ઉતારતી હોજી રે—આજની૦
હાં રે અમે ગ્યાં'તાં વહાલમજીને વારણે,
હાં રે મહેતા નરસૈંના સ્વામી ઊભા બારણે
હોજી રે, ઊભા બારણે હોજી રે—આજની૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ રાજાને કેમ ચકરી આવી ગઈ? કૈકેયીએ એવું શું કામ માગ્યું? રામ રાજા થાય તેથી પ્રજા શું કામ ખુશી હતી?

¶ રામરાજ, રામબાણ ઇત્યાદિ શબ્દો ધ્યાન પર લાવો. રામરાજ એટલે સારામાં સારું ઉત્તમ આદર્શ રાજ — સુરાજ્ય.

પાઠ ૧૧ મો

દયાળુ ડોશીમા



વરસાદ વરસતો હતો. મધ્યરાત થઈ હતી. બારણું વાસીને ડોશી ઝૂંપડીમાં સૂતાં હતાં.

બહાર કોઈનો સાદ સંભળાયો — "ટાઢે ઠરી જાઉં છું. બાપુ, કોઈ ઘરમાં આશરો દેશો?"

ડોશીમાને દયા આવી. બારણું ઉઘાડીને બોલ્યાં: "આવ દીકરા, ઝૂંપડીમાં આવ."

"ભગવાન તમારું ભલું કરજો," — એમ બોલી તે માણસ ઝૂંપડીમાં પેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં કપડાં દદડતાં હતાં. ટાઢથી તેનું શરીર થથરતું હતું.

ડોશીમાએ કોરાં કપડાં કાઢયાં. "લે બેટા, આ કપડાં બદલી લે."

ડોશીમાએ તાપણું કર્યું. "બેટા, હવે તાપ."

પછી માજીએ રાબ કરી. "લે બાપુ, આ ઊની ઊની રાબ પી."

પછી માજીએ પથારી કરી. "હવે સૂઈ જા, બેટા."

પછી ડોશીમા ભગવાનનું નામ લેતાં થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી ગયાં.

મુસાફર સૂતો સૂતો વિચાર કરવા લાગ્યો : "આ માજી ન મળ્યાં હોત, તો મારું શું થાત? ભગવાન ડોશીમાનું ભલું કરજો."

સૂચનાઓ

¶ કુટુંબની ઘરડી સ્ત્રીઓનું વહાલ બાળકોને માટે ખાસ હોય છે — આજી, દાદી, મોટાં કાકી, મોટાં ફોઈ વગેરે. બાળકોના ઘડતરમાં એ કીમતી ભાગ ભજવે છે. આવાં ઘરડાંને વિષે પૂછપરછ કરી શકાય.

¶ ઘરડાંઓની નાની મોટી સેવા નાનાં છોકરાં પણ કરી શકે. તે કરવી જોઈએ, એ તરફ ધ્યાન ખેંચી શકાય.

¶ પરગજુ લોકોની આમ અનેક રીતે કોઈને મદદ કર્યાની વધુ વાતો કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

ઘરડાં મા



ઘમર ઘમર ગાય રે, ઘરડાં માની ઘંટુડી.
ઝીણો લોટ દળાય રે, ઘરડાં માની ઘંટુડી.
લોટી દૂધ લવાય રે, ઘરડાં માની ઘંટુડી.
માજીનો બેટો
તાજું દૂધ પીતો,
પીને જાડો થાય રે, ઘરડાં માની ઘંટુડી. ૧

ગર ગર, ગર ગર ફરતો રે, ઘરડાં માનો રેંટિયો.



કાંતી કોકડાં ભરતો રે,
ઘરડાં માનો રેંટિયો.
વણકર ખાદી વણતો રે,
ઘરડાં માનો રેંટિયો.
માજીનો બેટો
ડગલી પહેરી બેઠો,
પહેરી ટાઢ હરતો રે, ઘરડાં માનો રેંટિયો. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખચ ખચ નીંદે ખચાક રે, ધરડાં માની દાતરડી.
ખેતર ચોખ્ખું ચણાક રે, ધરડાં માની દાતરડી.
પૈસો છૂટે તડાક રે, ધરડાં માની દાતરડી.
માજીનો બેટો
પેટ ભરી ખાતો —
તાજાં રોટી શાક રે, ધરડાં માની દાતરડી. ૩

જુગતરામ દવે

સૂચનાઓ

૧ ધરડાં માનાં ત્રણ ઓજારો પ્રત્યક્ષ દેખાડવાં.

૧ માતા એ દ્વારા કામ કરી પોતાના બાળકને મોટો કરે છે, તેવા દાખલા કહી શકાય.

૧ રેંટિયો, દાતરડું, ખૂરપી જેવાં ઓજારો તો બાળકો પણ વાપરી શકે. તેમાંથી ઊપજ થાય છે, તે એમના કાંતણકામ, બાગકામ વગેરે પરથી બતાવો.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૩ મો

નબાપાના બાપ

એક મોટું શહેર હતું. તેનું નામ મદીના.

ઈદના તહેવારનો દિવસ હતો. આખું શહેર આનંદમાં હતું. શહેરમાં મોટો મેળો ભરાવાનો હતો.

સવારથી નાનાં છોકરાંનો આનંદ માતો નહોતો. આજે સારું સારું ખાવાનું મળશે; સારાં સારાં કપડાં પહેરવાનાં મળશે; મેળામાં ફરવા જવાની મજા પડશે.

મેળામાં જવાનો વખત થયો. લોકો જવા લાગ્યા.

છોકરાં મોટેરાંની આંગળી ઝાલીને જતાં હતાં. કોઈએ બાપુની આંગળી ઝાલી; કોઈએ મોટા ભાઈની; કોઈએ કાકાની; કોઈએ દાદાની.

એક છોકરો રસ્તા પર ઊભો હતો. ઊભો ઊભો તે રડતો હતો. તેને કોઈ ન હતું. એટલે કોણ તેને મેળામાં લઈ જાય? કોણ તેને સારાં કપડાં પહેરાવે? કોણ તેને સારું સારું ખાવાનું આપે?

મેળામાં જવાની ઉતાવળમાં કોઈ એની સામે જોતું નહોતું. તે બાપડો ઊભો ઊભો રડતો હતો.

રસ્તે જતા એક ભાઈએ એને જોયો. તે એની પાસે ગયા. હેતથી તેમણે એને પૂછ્યું, "બેટા, આજ ઈદને દહાડે તું કેમ અહીં રડે છે?"

છોકરો બોલ્યો, "મારે મેળામાં જવું છે. હું કોની જોડે જાઉં? મારે કોઈ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ભાઈએ છોકરાને બાથમાં લીધા અને કહ્યું, "ચાલ બેટા, હું તને મેળામાં લઈ જાઉં. ઝાલ મારી આંગળી."

છોકરો રાજી થયો. આંગળી ઝાલી તે પણ મેળામાં ચાલ્યો.

પેલા ભાઈ કોણ હતા તે જાણો છો? તે હજરત મહંમદ પેગંબર સાહેબ પોતે હતા.

સૂચનાઓ

¶ પેગંબર સાહેબની ઓળખાણ આપો. તેમની બીજી વાતો પણ કહી શકાય.

¶ મદીના શહેર ક્યાં આવ્યું તે કહો. નકશામાં બતાવો. આપણે ત્યાંથી હજ જનારા મક્કા મદીના જાય, તેની વાત કરો. અરબસ્તાન, રણ, ઊંટ, અરબી ઘોડો, ખજૂર વગેરેની વાતો કરી શકાય.

¶ પાસે કોઈ મેળો ભરાતો હોય ત્યારે જોવા લઈ જવાય.

પાઠ ૧૪ મો

ઝાડ

ભાઈ, ઝાડ પાણી પીએ, પણ તે ખાય ખરું?

"હા; ઝાડ ખાય પણ ખરું. જો તે ખાય નહિ તો મોટું કેમ કરીને થાય?"

ઝાડ શું ખાય?

"માટી અને ખાતર."

તેને મોઢું ક્યાં છે?

"મૂળિયાં એ તેનાં મોઢાં. કેટલાં બધાં મોઢાંથી તે ખાય છે ને પાણી પીએ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડ શ્વાસ લે ખરું કે?

"હા; શ્વાસ ન લે તો જીવે શી રીતે? હજારો નાકથી તે શ્વાસ લે છે. તેનાં પાન તે તેનાં નાક."

ઝાડને હાથ હોય કે?

"હા; તેની ડાળીઓ એ તેના હાથ. આપણને બે જ હાથ છે; પણ ઝાડને તો સો સો હાથ!"

ઝાડને પગ હોય ખરા કે?

"હા; તેનું થડ તે તેનો પગ. એક પગે તે ઊભું રહે છે."

અરર! બિચારાને એક જ પગ?

"એમાં શું? ઝાડને ચાલવાનું નહિ; તેને દોડવાનું નહિ. આપણી પેઠે તેને બેસવાનું નહિ; લાંબા થઈને સૂવાનું નહિ. તેને તો ફક્ત ઊભા જ રહેવાનું. તેને માટે થાંભલા જેવો જાડો મોટો એક પગ ઓછો છે?"

ઠીક. પણ ઝાડ હસે ખરું?

"હા, હસે ને રડે પણ. એનાં ફૂલ ખીલે ત્યારે તે ખિલખિલ હસે છે એમ કહેવાય. એટલે તો બાળક હસે ત્યારે તે ફૂલ વેરે છે એમ લોકો કહે છે."

પણ ઝાડ રડે કેવી રીતે?

"કેમ? પાંદડાં ખરી પડે ત્યારે તે રડે છે એમ કહેવાય."

વારુ, ઝાડ ખાય પીએ ને મોટું થાય; શ્વાસ લે. પણ એ બોલે ખરું?

"ના, તે બોલતું નથી. પણ વા વાય ત્યારે પોતાનાં હાથ, નાક, બધું હલાવીને સુસુસુ કરે છે. તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં મજા પડે છે. એના ઉપર પક્ષીઓ રહે તે બોલે. તેનાં રૂડાં રૂડાં ફૂલ ને મીઠાં મીઠાં ફળ જોઈ લોકો તેની વાતો કરે; તેમને જોઈ જોઈને તે ખુશી થાય. તેની છાયા નીચે સૌ બેસે; બેઠાં બેઠાં થાક ખાય, વાતો કરે. આ બધું જોઈને તે મૂગું મૂગું હસે."

ઓહો! ઝાડ તો કેવું સારું છે! આપણી પેઠે તેનેય જીવ છે. આપણે માટે તે એક પગે ખડું રહે છે. તે આપણું ભલું ચાહે છે.

અમે તેનાં હાથ નાક કાપીશું નહિ. અમે તેને પાણી પાઈશું. અમે તેને ખાતર આપીશું.

સૂચનાઓ

¶ પડોશમાં જાત જાતનાં ઝાડ હશે. તે ઓળખાવો. ફળઝાડો બતાવો.

¶ ઝાડ, છોડ, વેલ એ ત્રણ પ્રકારની વનસ્પતિ તરફ ધ્યાન જાય તેમ નિરીક્ષણ કરાવો.

¶ ખોરાકની ચીજોની વાત કરો. તે ક્યાં થાય તે કહો. જુદાં જુદાં અનાજ, શાકભાજી, ને ફળ બતાવો. તેના છોડ, ઝાડ, વેલા ઇત્યાદિ બતાવો.

¶ શાળામાં બાગકામ કરાવો તેમાંથી ઝાડ પ્રત્યે આદરભાવ રાખવાનું ને તેની સેવા કરવાનું કામ છે એવો ભાવ પ્રેરી શકાય. શકુંતલા કેવા ભાવથી છોડ વગેરેને પાણી પાતી હતી, તેના જેવી વાતો કહી શકાય.

¶ 'વાડી'નો પાઠ ૧૭મો બાળકોને જાતે વાંચવા સૂચવો.

¶ ઝાડનાં પાન કે ડાળી ગમે તેમ ચૂંટીએ તેથી તેને દુઃખ થાય છે, એ વિજ્ઞાને બતાવ્યું છે. આપણા વાળ, નખ કોઈ ગમે તેમ તોડે તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૫ મો

કેવી મજા !

પહેલી પૂજા પરમેશ્વરની,
બીજી સંત-પૂજા :
ત્રીજી પૂજા માતપિતાની,
ચોથી દેશપૂજા.
કેવી મજા ! ભાઈ, કેવી મજા !
પૂજા ને સેવા ! કેવી મજા ! ૧

પહેલા વહેલા પરમેશ્વર ને
બીજી ભારત મા;
ત્રીજાં મારાં માતપિતાનો
સેવક ચોથો આ.
કેવી મજા ! ભાઈ, કેવી મજા !
સેવાના મેવા ! કેવી મજા ! ૨

ત્રિભુવન વ્યાસ

સૂચનાઓ

¶ કવિ કઈ કઈ ચાર પૂજા કહે છે, તે ગણાવો.

¶ સેવા કોની કોની કરવાની કહે છે? સેવક કોણ છે?

¶ આમ જ મજાની સેવા કરવાનાં બીજાં પાત્રો પણ બતાવી શકાય — ગૌમાતા, ધરતીમાતા, લોકમાતા નદી, વડીલો વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો

વાડીમાં

૧

આજે બધાં બાળકો લહેરમાં છે. આજે ફરવા જવાનો દિવસ છે.

બહેન કહે: આજે આપણે છગનકાકાની વાડીમાં જઈશું. મેં તેમને ખબર આપી છે.

બાળકો નાચતાં નાચતાં બોલી ઊઠયાં—"બહુ મજા! બહુ મજા!"

વાડી ગામ બહાર હતી. બધાં છોકરાં બબ્બેની હારમાં ગોઠવાઈ ગયાં. એટલે બહેને ચાલવાનું કહ્યું. છોકરાં ગાતાં ગાતાં હારબંધ ચાલવા લાગ્યાં. લોકો જોઈને રાજી થતા થતા કહે—

"નિશાળ ચાલી!"

૨

છગનકાકા વાડીના ઝાંપા પાસે ઊભા હતા. તે સૌની વાટ જોતા હતા. સૌને જોઈ તે હસ્યા અને બોલ્યા, "આવો, આવો."

વાડીમાં પેસતાં જ મજાનો ઠંડો પવન આવવા લાગ્યો. બાળકો ધીમે ધીમે વાડીમાં ફરવા લાગ્યાં. છગનકાકા સૌને વાડી બતાવતા હતા—

"જુઓ આ આંબો; તેના ઉપર કેરી થાય.

"જુઓ આ રાયણ; તેના ઉપર રાયણાં થાય.

"જુઓ આ જાંબુડો; તેના ઉપર જાંબુ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ ચીકુનાં ઝાડ છે. આ જામફળી છે. આ જોડે દાડમડી છે.

"જુઓ આ ફૂલઝાડ આવ્યાં—આ મોગરો; આ ગુલાબ; આ ચંપો.

"જુઓ આ શેરડીનો વાઢ. અહીંથી સાંઠા કાપીને પેલા કોલુ પાસે લઈ જાય છે. ચાલો હવે ત્યાં જઈએ.

"આ કોલુ છે. તેમાં સાંઠા પિલાય છે. એટલે રસ જુદો નીકળે છે. એ રસનો ગોળ થાય. એમાંથી ખાંડ પણ બનાવાય."

છગનકાકાએ બધાં છોકરાંને શેરડીનો મીઠો મીઠો તાજો રસ પાયો. ત્યાં ગોળ પણ બનતો હતો. દરેકને તાજો ગોળ આપ્યો. મૂઠી મૂઠી ચણા આપ્યા. એક એક ચીકુ આપ્યું.

નાસ્તો પૂરો થયો.

કૂવા પાસે કોસ ફરતો હતો. ત્યાં નીક આગળ બધાંએ હાથ-મોં ધોયાં. પછી ચોખ્ખું પાણી પીધું.

૩

છોકરાં કહે, "કાકા, અમે વાડીમાં કામ કરીએ?"

છગનકાકા હસતા હસતા કહે, "વાહ! બહુ સારું. જોઈએ તો ખરા, તમે શું કરો છો!"

કેટલાંક છોકરાં નીક સાફ કરવા બેસી ગયાં; કેટલાંક કયારાઓ સાફ કરવા લાગ્યાં; કેટલાંક નવા કયારા બનાવવા લાગી ગયાં; કેટલાંક પાણી પાવા લાગ્યાં; કેટલાંક રસ્તા સાફ કરવા લાગ્યાં.

કલાક કામ કર્યું. પછી રમત શરૂ થઈ. કોઈ હુતુતુતુ રમ્યાં; કોઈ લંગડી રમ્યાં; કોઈ ખો રમ્યાં; કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બેઠાં બેઠાં જોતાં હતાં. ચારે બાજુ કલ્લોલ ! કલ્લોલ !

સાંજ પડવા આવી. પાછા જવાનો વખત થયો. બધાં છોકરાંએ હાથપગ ધોયા. પછી ઝાંપા પાસે બધાં હારબંધ ગોઠવાઈ ગયાં.

છગનકાકા કહે, "બહેન, આજે અમારી વાડીમાં ખૂબ આનંદ થયો. છોકરાં બહુ ડાહ્યાં અને કામગરાં છે. વાડી ચોખ્ખી કરી દીધી ! કશું બગાડવાની તો વાત જ નહિ. કશું પોતાની મેળે તોડીને લીધું નહિ કે ખાધું પણ નહિ."

બહેન હસીને બોલ્યાં, "તમે તેમને ઘણુંય ખવરાવ્યું છે ને !"

છગનકાકા કહે, "કેરીઓ પાકે ત્યારે ફરી જરૂર બાળકોને અહીં લાવજો."

બહેન—વારુ, જય જય !

છોકરાં—જય જય ! છગનકાકા, જય જય !

જય જય ! જય જય ! આવજો; આવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચનાઓ

¶ આ પાઠમાં વણાયેલા વિવેકના નિયમો તરફ ધ્યાન દોરો. જતાં અગાઉ ખબર આપવી; બીજી જગાએ જઈએ ત્યાં કેમ વર્તવું; કોઈ ચીજને કહ્યા પૂછ્યા વગર ન અડાય; વગેરે.

¶ આવાં પર્યટનો થયાં હોય તો તેની વાત મોઢે કહેવાનું બાળકોને કહેવું. થોડાંક વાકયોમાં લખવા પણ કહી શકાય.

¶ જુદી જુદી મોસમનાં જુદાં જુદાં ફળ–ફૂલ–શાક વગેરેની માહિતી આપો.

¶ કૂવામાંથી પાણી ઊંચે ચડાવવાની જુદી જુદી રીતોનો ખ્યાલ આપો: રામૈયો કોસ, સૂંઢિયો કોસ, રેંટ, પંપ.

પાઠ ૧૭ મો

સફાઈગીત



ચાલો ઊઠોને, આજ કરીએ સફાઈ,
નાનાં ને મોટાં, બહેનો ને ભાઈ!
કચરાનો પાર નહિ,
પૂંજો અપાર અહીં;
ભૂંડું તે ભૂખ જેવું ના રે સહેવાય. ચાલો૦
આંગણિયાં વાળીએ,
શેરીઓ ઉજાળીએ;
રંગોળી રંગ ઘેર ઘેરે સોહાય. ચાલો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે અમારા
ભંગી થનારા;
ખંખેરી નાંખી ખોટી મોટાઈ. ચાલો૦

માતા બધાની
ભંગી સદાની;
તોયે એની રજ માથે લેવાય. ચાલો૦

વાયુયે ભંગી,
વરસાદે ભંગી;
મોટા ભંગી દાદા સૂરજ સોહાય. ચાલો૦

અંધારાં વાળવાં,
અજવાળાં વેરવાં,
સાચો ધરમ, એ સાચી મોટાઈ. ચાલો૦

ચિમનલાલ ભટ્ટ

સૂચનાઓ

¶ કચરા ને ગંદકીનો દેશમાં પાર નથી, એ બાળકોને પ્રત્યક્ષ થાય એમ કરો. આપણી કુટેવો કહો — ગમે ત્યાં ઝાડાપેશાબે જવું, કચરો નાંખવો, નદી–નવાણ બગાડવાં, વગેરે.

¶ માતા, સૂરજ, વાયુ, વરસાદ ભંગી શી રીતે તે બાળક સમજી શકે એવી વાતોથી કહેવું.

¶ સફાઈનું કામ કરનારાએ ઝાડુ વગેરે શરીરને લાગે નહિ, કપડાં ગમે તેમ બગડતાં રહે નહિ, એ જોવું જોઈએ; તથા કામ કરી રહ્યા પછી હાથ-પગ-મોં ધોવાની કે નાહવાની આળસ કરવી નહિ, એ તરફ ધ્યાન દોરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૮ મો

આપણા દેશમાં આપણું રાજ !



[શાળાની ઉપાસના પછી]

કનુ — બહેન, એક વાત પૂછું ?

બહેન — હા, શું છે ?

કનુ — બહેન, આપણા દેશમાં કોણ રાજ કરે છે ?

બહેન — ઠીક પૂછ્યું. ચાલો આજે આપણે એની જ વાત કરીએ. છોટુ ! તું કહે, આપણા દેશમાં કોણ રાજ કરે છે ?

છોટુ — બહેન, મને ખબર નથી.

બહેન — કોને ખબર છે ? જેને ખબર હોય તે હાથ ઊંચો કરે.

[થોડાં છોકરાં હાથ ઊંચો કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેન — મગન, તુ કહે.

મગન — ગાંધીજી. ગાંધીજી આપણા દેશમાં સ્વરાજ લાવ્યા.

છોટુ — બહેન, ગાંધીજી તો ગુજરી ગયા !

શારદા — હું કહું બહેન ? પંડિત જવાહરલાલ નેહરુ.



કુસુમ — સરદાર વલ્લભભાઈ પટેલ.

છોટુ — બહેન, સરદાર તો ગુજરી ગયા !

મનુ — હું કહું બહેન? બાબુ રાજેન્દ્રપ્રસાદ.

શંકર — ના, ના, અંગ્રેજો રાજ કરે છે.

કનુ — બહેન, અમે કાલે આમ જ વાતો કરતાં હતાં. તેમાં ખરું શું ? તમે કહો.

બહેન — સાંભળો ત્યારે. અંગ્રેજો હવે રાજ નથી કરતા. તે લોકો રાજ છોડી વિલાયત ગયા. હવે આપણા દેશમાં આપણું જ રાજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિત જવાહરલાલ આપણા દેશના પહેલા વડા પ્રધાન બન્યા છે. બાબુ રાજેન્દ્રપ્રસાદ આપણા પહેલા પ્રમુખ બન્યા છે.

પણ તેમને કોઈને રાજા ન કહેવાય. આપણા દેશમાં હવે સ્વરાજ છે. સ્વરાજ એટલે આપણું રાજ: લોકોનું રાજ.

કનુ—એટલે આપણા દેશમાં આપણું રાજ છે એમ કહેવાય ?

બહેન—હા. આપણા દેશમાં આપણું રાજ છે; સ્વરાજ છે.

સૂચનાઓ

૧ આપણા દેશનું નામ પૂછો. નકશો બતાવો. પાઠનાં ચિત્રોનો પરિચય કરાવો. તેવાં બીજાં ચિત્રો પણ બતાવી શકાય.

૧ ગાંધીજી વગેરેનાં નામો આવે છે, તેમની વાતો કહી શકાય; સ્વરાજ આવ્યું તેની વાતો પણ ઉત્સવો, જયંતી ઇ૦ પ્રસંગે કહેવાની રાખી શકાય.

૧ આપણા દેશની આઝાદી માટે બીજા પણ જે જે દેશ-ભક્તોએ પ્રયત્નો કર્યા, તેમાંના કેટલાકનાં નામ આ પછીની કવિતામાં આવે છે. તે કવિતા આ પાઠના અનુસંધાનમાં લઈ શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૯ મો

વહાલું વતન

મારું વતન આ મારું વતન હાં,
વહાલું વહાલું મને મારું વતન હાં. ટેક૦

જેની માટીની મારી કાયા ઘડેલી,
તેને કરું હું કોટિ કોટિ નમન હાં. વહાલું૦ ૧

રાણા પ્રતાપ ને શિવાજી શૂરવીર,
મારા વતનનાં એ મોઘાં રતન હાં. વહાલું૦ ૨

લાલ અને બાલ વળી દાદા ને દાસજીએ
જેને સમર્પ્યું છે સારું જીવન હાં. વહાલું૦ ૩

ગાંધી બાપુને હૈયે વસ્યું જે,
સંસાર-સાર ને જીવન-ધન હાં. વહાલું૦ ૪

વહાલા વતનની બેડીને તોડવા,
હોંશે ઓવારું હું તન મન ધન હાં. વહાલું૦ ૫

ચિમનલાલ ભટ્ટ

સૂચનાઓ

૧ આ કાવ્યનું બધું નયે સમજાય. તોપણ તે ગવાય એ એનો આનંદ છે. તેમાં આવતાં નામો ને તેવાં બીજાં નામો આપીને તેમનાં ચિત્રો ઓળખાવો, વાત કહો; દેશમાં ક્યાં ને ક્યારે થયા તે કહો.

૧ લાલ = લાલા લજપતરાય. પંજાબના સિંહ 'પંજાબ કેસરી' તરીકે ઓળખાતા. (૧૮૬૫–૧૯૨૮)

બાલ = બાળ ગંગાધર તિલક. મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ દેશભક્ત. તે 'લોકમાન્ય' નામે જાણીતા છે. (૧૮૫૬–૧૯૨૦)

દાદા = દાદાભાઈ નવરોજી. સાતમી ચોપડીમાં તેમને વિષે પાઠ છે તે જુઓ. (૧૮૨૫–૧૯૧૭)

દાસજી = ચિત્તરંજન દાસ. બંગાળના સુપ્રસિદ્ધ દેશભક્ત. તેઓ 'દેશબંધુ દાસ' નામે જાણીતા છે. (૧૮૭૦–૧૯૨૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

ગાંધી બાપુ



છોટુ — બહેન, આજે અમને ગાંધીજીની વાત કહો.

મણિ — બહેન, તમે ગાંધીજીને જોયા હતા ?

કનુ — હેં બહેન, તે અમદાવાદમાં રહેતા હતા ? અમને એ જગ્યા જોવા નહિ લઈ જાઓ ?

છગન — બહેન, એ બહુ મોટા હતા ? અમારી જોડે રમે પણ નહિ ?

બહેન — આજે તમે બધાંએ બહુ સારી વાત કાઢી. ચાલો ત્યારે સાંભળો.

મેં ગાંધીજીને એક વાર જોયા હતા. આપણા મોટા દાદા હોય એવા લાગે. બહુ વહાલા લાગે. બોલે તે બહુ મીઠું લાગે.

બાળકો જોડે તો તે બહુ મજા કરતા. રોજ સાંજે ફરવા જાય, ત્યારે બાળકો સાથે હોય જ. તેમની જોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દોડે પણ ખરા. ફરે ત્યારે દોડતા હોય એમ ઝપાટામાં ચાલે.

એ અમદાવાદમાં રહેતા હતા. સાબરમતીને કાંઠે એમનો આશ્રમ છે. એક દહાડો તે જોવા આપણે જઈશું. ત્યાં ઉજાણી કરીશું. ત્યાં ગાંધી બાપુની બીજી વાતો કહીશ. ચાલો આજે તેમનું એક ગીત ગાઈએ—

મને વહાલું બાપુ કેરું નામ છે રે,
એને રુદિયે રઘુપતિ રામ છે રે. મને૦

પહેરી પોતડી ને ચાખડીએ ચાલતા રે,
વહાલો બાવા બધાને બનાવતા રે. મને૦

ઢેડ મેલા ઘેલાને લેતા સોડમાં રે,
એનો આતમ રમે રણછોડમાં રે. મને૦

વહાલે બોખી ડોશીની લીધી સાર છે રે,
અન્નદાતા રૂડા રેંટિયાના તાર છે રે. મને૦

દુઃખ પોતે વેઠે ને બીજા હારતા રે,
વહાલો માંડે પ્રહ્લાદજીની વારતા રે. મને૦

તનસુખ ભટ્ટ

સૂચનાઓ

¶ કાવ્ય ન સમજાય તોય ગાવાની મજા પડશે. તેમાં ગાંધીજીના જે ગુણો ગાયા છે તેની વાતો કહેવાની રાખી શકાય. અસ્પૃશ્યતાની વાત ખાસ કહેવી. જેમ કે, લક્ષ્મી નામે અસ્પૃશ્ય બાળાને બા-બાપુએ અપનાવી.

¶ પ્રહ્લાદની વાત કહો. ત્રીજી ચોપડીમાં પાઠ છે તે વાંચવા કહો. સત્યાગ્રહીનો આદર્શ એમાં છે, એમ ગાંધીજી કહેતા હતા.

¶ ઉપર આપેલું ચિત્ર જૂહુના દરિયાકિનારાનું છે.

સાર = સંભાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી ચોપડીના શબ્દો

[કુલ ૫૪૫ શબ્દ છે, તે કક્કાવારી પ્રમાણે નીચે આપ્યા છે. ક્રિયાપદોના અને કૃદંતોના મૂળ ધાતુ જ આપેલા છે. 'હું' અને 'તું' એ બે સર્વનામો સિવાયનાં સર્વનામો તથા નામો વગેરેનાં પણ લિંગ, વિભક્તિ, વચન વિનાનાં મૂળ પદ લીધાં છે. 'ચાલણગાડી'માં આવી ગયેલા ૧૮૫ શબ્દ પડતા મૂક્યા છે. તે સાથે કુલ શબ્દ આ ચોપડીમાં ૭૩૦ થાય.]

અક્ષર
અજબ
અજવાળવું
અજવાળું
અડકવું
અડધું
અડવું
અન્ન
અપાર
અમને
અરધું
અરર
અરે
અવાજ
અંગ્રેજ
અંદર
અંધારું
આખું
આગળ (પાસે)
આતમ
આનંદ
આવું
આશરો
આશ્રમ
આંગણિયું
આંગળી
આંબો
ઈંઢોણી

ઉજાણી
ઉજાળવું
ઉતાવળ
ઊઘડવું
ઊછળવું
ઊતરવું
ઊનું
ઊપડવું
ઊંઘવું
ઊંચું
ઊંડું
એકલું
એકેએક
એવડું
એવું
ઓછું
ઓઢણી
ઓવારવું
ઓહો

–ક
કચરો
કઠેડો
કપડાં
કબૂતર
કબૂલ
કરતાં (–ને બદલે)

કલાક
કલ્લોલ
કશું
કાગડો
કાઢવું
કાપવું
કામગરું
કાયા
કાલું (બોલવું)
કાંક
કાંઠો
કાંતણ
કીડી
કૂવો
કે
કેટલું
કેમ
કેરી
કેરું
કોકડું
કોટિ
કોરું
કોલુ
કોસ
કચારે
કચારો
કચાં
ખચખચ

ખચાક
ખડું
ખબર
ખરવું
ખંખેરવું
ખાતર (જમીનનું; –ને માટે)
–ખાનું
ખાંડ
ખિલખિલ
ખીલવું
ખુશી
ખૂબ
ખેતર
ખેતી
ખેંચવું
ખો
ખોટું
ખોળો

ગગન
ગજાવવું
ગરગડી
ગર ગર
ગરીબ
ગાદી
ગીત
ગુજરવું

ગુલાબ
ગોઠવવું
ગોવાળ
ગોળ

ઘટા
ઘડવું
ઘડી
ઘડો
ઘણું
ઘમર
ઘરડું
ઘસઘસાટ
ઘંટડી
ઘૂ ઘૂ ઘૂ
ઘેલું

ચકરી
ચકલી
ચટકો
ચણવું (પક્ષીનું)
ચણા
ચણાક
ચબૂતરો
ચળકવું
ચંપો
ચાખડી
ચાદર
ચાર (સંખ્યા)
ચાલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદો
ચિત્ર
ચીકુ
ચોખ્ખું
ચોથું
ચોપડી
ચોમાસું
ચૌદ

છલકાવું
છાયા
છૂટવું
છોકરું
છોટું
છોડવું

જ
જગા
જટા
જણ
જમણું
જરા
જાગવું
જાડું
જાણવું
જાણે
જાતજાતનું
જાતે
જામફળી
જાંબુ
જાંબુડો
જીવ
જીવન
જીવવું
જુદું

જે
જેમ
જેવું
જો
જોડવું
જોડી

ઝપાટો
ઝાઝું

ઝાલવું
ઝાંપો
ઝીણું
ઝૂંપડી

ટકોરો
ટટાર
ટાઢ
ટીહુ
ટુકડી
ટેટા
ટોળી
ટોળું

ઠરવું
ઠંડું
ઠીક
ઠેઠ

ડગલી
ડગવું
ડરવું
ડાબું
ડાહ્યું
ડાળ
ડું
ડોશી

ઢળવું
ઢેડ
ઢોર

તડાક
તન
તપ
તરત
તહેવાર
તાકવું
તાજું
તાણવું
તાપણું
તાપવું
તાર
તેડવું
તૈયાર
તોડવું
તોરણ
ત્યારે
ત્યાં
ત્રણ
ત્રીજું

થથરવું
થાક
થાંભલો
થોડું

દદડવું
દફતર
દયા
દયાળુ
દરેક
દહાડો

દળવું
દાડમડી
દાણા
દાતરડી
દાતા
દાસી
દિવસ
દીકરો
દુઃખ
દેખવું
દેખાવ
દેશ
દેહ
દોરો

ધન
ધરમ (ધર્મ)
ધૂન
ધોળું

નગરી
નદી
નખાપું
નમન
નવરું
નવું
નાસ્તો
નિશાળ
નીક
નીકળવું
નીચે
નીંદવું

પછવાડે
પટી

પડોશી
પતિત
પથરાવું
પથારી
પરબ
પરમેશ્વર
પહેરવું
પહેલું
પહોંચવું
પાકવું
પાટી
પાદર
પાન
પાર
પાવન
પાંચ
પાંજરું
પાંદડું
પીપળો
પીલવું
પીંછું
પૂછવું
પૂજા
પૂરવું
પૂરું
પૂળો
પૂંજો
પેગંબર
પેટ
પેટી
પેઠે
પેન
પેશાબ
પેસવું
પૈસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતડી
પોતે
પોપટ
પ્રધાન
પ્રમુખ
પ્રાણ

ફક્ત
ફડફડાટ
ફરડ
ફરી

બગડવું
બચવું
બતાવવું
બદલવું
બનવું
બબ્બે
બહાર
–બંધ
બાઈ
બાણ
બાથ
બાપડું
બાબુ
બારણું
બાવો
બાળક
બાંધવું
બિચારું
બેટા
બેડી
બેડું
બોખું
બોલ

ભગવાન
ભરવું
ભંગ
ભંગી
ભારે
ભૂખ
ભૂંડું
ભેગું
ભોળું
ભોંય

મધરાત
મન
મરજી
મંડવું
માગવું
માટી
માટે
માણસ
માથું
માનવું
માવું
માંડવું
માંડવો
મુસાફર
મૂંગું
મૂઠી
મૂળિયું
મેલું
મેવો
મેળ
મેળો
મોકલવું
મોગરો
મોઘું

મોજ
મોજાં
મોટાઈ
મોટેરું
મોડું
મોઢું
મોં

–ચ
યાદ
–યે

રજ
રડવું
રતન
રમત
રસ્તો
રળિયામણું
રંગ (આનંદ)
રંગોળી
રાજ
રાજા
રાજી
રાતું
રાખ
રાયણ
રાયણું
રિસાવું
રીત
રુદિયું
રડું
રે
રેંટિયો
રોજ
રોટી
રોપવું

લહેર
લંગડી(રમત)
લાલ
લાંબું
લૂગડું
લૂછવું
લેખન
લોટ
લોટી
લોટો

વખત
વગેરે
વચન
વચ્ચે
વડું
વણકર
વતન
વરદાન
વરસ
વરસવું
વરસાદ
વર્ષ
વસવું
વળી(તુચ્છકાર; ઉપરાંત)
વા
વાચન
વાટ
વાઢ
વાયુ
વારતા
વારુ
વાવું
વાસ

વાળવું
વાંક
વિચાર
વિના
વિસામો
વીર
વેઠવું
વેરવું
શકવું
શરીર
શરૂ
શહેર
શાક
શિકારી
શિક્ષક
શીખવું
શૂર
શેરડી
શેરી
શોખ
શોભવું
શોભા
શ્વાસ
સફાઈ
સમર્પવું
–સર
સહેલું
સહેવું
સંત
સંસાર
સાગર
સાચું
સાત
સાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર (તત્ત્વ; મદદ)	સુખ	સેવા	હજાર	હાં
	સુધરવું	સો	હજુ	હુતુતુતુ
સારું (આખું)	સુધી	સોડ	હરવું	હુલાવવું
સાવરણો	સુસુસુ	સોય	હવે	હે
સાહેબ	સૂપડું	સોહાવું	હા	હેં
સાંજ	સૂરજ	સ્વરાજ	હાજર	હૈયું
સાંઠો	સૂંઘવું		હાર (પંક્તિ)	હોશિયારી
સીવણ	સેવક	હજરત	હારવું	હોંશ

વિશેષનામો (૩૯)

અમદાવાદ	દશરથ	બાપુ(ગાંધીજી)	રઘુકુળ	વિલાયત
અયોધ્યા	દાદા (ભાઈ)	બાલ (–કૃષ્ણ)	રઘુપતિ	શંકર
ઈદ	દાસજી	ભરત	રણછોડ	શારદા
કૈકેયી	નેહરુ	મગન	રાઘવ	શિવાજી
ચાલણગાડી	પહેલી(ચોપડી)	મણિ	રાજેન્દ્રપ્રસાદ	સરદાર
છગનકાકા	પ્રતાપ	મહંમદ	રામ	સાબરમતી
છોટુ	પ્રહ્લાદ	મદીના	લાલ(લાલાજી)	સીતા
જવાહરલાલ	પંડિત	મંથરા	વલ્લભભાઈ	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીની ઉપાસના

૧

અસત્યો માંહીથી
પ્રભુ પરમ સત્યે તું લઈ જા !
ઊંડા અંધારેથી
પ્રભુ પરમ તેજે તું લઈ જા !
મહા મૃત્યુમાંથી
અમૃત સમીપે નાથ લઈ જા !
તું હીણો હું છું તો,
તુજ દરશનાં દાન દઈ જા !

૨

સંગે હરિચરણમાં નમીએ તમે અમે,
સંગે હરિનજરમાં રમીએ તમે અમે;
સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે,
ને સંગભંગ બનજો ન કદાપિ આપણો !

૩

તેજસ્વી પ્રાણવાન થાજો,
સદા શિક્ષણ આપણું;
ન કદાપિ થજો વાંકું,
અદેખું મન આપણું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar